Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# વિસનગરનો ઈતિહાસ

ડો.પી.એસ.પટેલ
એસોસીયેટ પ્રોફેસર ઈતિહાસ, એમ.એન.કોલેજ.વિસનગર

'વિસનગર' શબ્દ એ 'વિસલનગર' પરથી અપ્રભંશ થયેલો છે. એમ કહેવાય છે કે રાજા વિસલદેવે આ નગર વસાવ્યું જેથી તે અગાઉ 'વિસલનગર' અને ત્યાર પછી અપ્રભંશ થતાં તે 'વિસનગર' નામે ઓળખાય છે. પ્રશ્ન એ થાય છે કે વિસનગર વસાવનાર રાજા વિસલદેવ કોણ ? તે અંગે જુદા જુદા મત મતાંતરો પ્રવર્તે છે. કેટલાક એમ માને છે કે વિસનગર ગુજરાતના વાઘેલા રાજા વિસલદેવેએ વસાવ્યું છે. કવિ વલ્લભ કૃત 'નાગર ઉત્પતિ' કાવ્યમાં 'પછી વિસલદેવ રાજા વડો થયો. અતિ ધર્મ સુધીર ...' આ પંકિતિ વાઘેલા રાજા વિસલદેવના સંદર્ભમાં લખાયેલી છે અને પછી આ વિસલદેવે વિસનગર વસાવ્યાનું જણાવ્યું છે.

ફોર્બ્સની 'રાસમાલાના ખંડ-૨' માં વિસલનગર અજમેરના ચૌહાણ રાજા વિસલદેવે વસાવ્યાનું જણાવ્યું છે. વિસનગરના રાજરત્ન સદગત મહાસુખભાઈ શેઠે પોતાના 'વિસનગર' નામના પુસ્તકમાં જણાવ્યું છે કે સન ૯૪૨ માં મૂળરાજ ગાદીએ બેઠો ત્યારથી સોલંકીવંશનું રાજય સ્થપાયું. મૂળરાજ પછી ચાંમુડ,વલ્લભસેન,દુર્લભસેન અને ભીમદેવ (પહેલો) એવા રાજાઓ થયા. ભીમદેવ પહેલાના સમયમાં મહમદ ગઝનીએ સોમનાથનું મંદિર તોડી જીત મેળવી પાછો ગયા પછી ભીમદેવ ફરી રાજ્ય સંભાળી લીધું. તે સમયે અજમેરના રાજા વિસલદેવ ચૌહાણે બીજા રાજપૂત રાજયોની સાથે મળીને મુસલમાનોએ જીતેલા પ્રદેશો પાછા મેળવી તેમને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવાના પ્રયત્ન કર્યો. તેમાં ભીમદેવ (પહેલો) સામેલ થયો નહિં તેથી ભીમદેવને શિક્ષા કરવાની ખાતર વિસલદેવ રાજાએ જે સ્થળે પોતાના નામથી 'વિસલનગર' શહેર સન-૧૦૨૪ માં વસાવ્યું.[૧] 'અરેબીયન નાઈટસ' ના પુસ્તકમાં રાજપુત્ર અહમદ અને પરીબાનું'ની વાર્તામાં પાટણ અને વિસનગર નું વર્ણન આવે છે. તે ઉપરથી અનુમાન થાય છે કે જે કાળમાં અરેબીયન નાઈટની રચના થઈ તે કાળમાં વિસનગર અસ્તિત્વમાં હોવું જોઈએ. ૨

ઈતિહાસ વિષયના વિદ્વાન ડો.રમણલાલ મહેતા 'વિસનગર' નામની પુસ્તિકામાં નોંધે છે કે, વિસનગરનો પ્રાચીન ઉલ્લેખ ઈ.સ. ૧૩૪૯ માં જેન લેખક રાજશેખરસુરીના પ્રબેંધ કોશમાં નોંધે છે કે વિસલદેવનો સમકાલીન કવિ નાનક વિસલનગરીય હોવાનું નોધાયું છે. કવિ નાનાક પ્રભાપાટણમાં રહેતો હતો અને તે વડનગર પાસેના ગુંજા ગામનો વતની હતો એવી નોંધ છે. જે વિસલદેવ વાઘેલાના રાજય અમલ કરતાં જૂનું સાબિત કરવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ જાણીતા વિદ્વાન ડો. હરિપ્રસાદ શાસ્ત્રીના મતે તો નાગર નાનાકને રાજા વિસલદેવ સાથે ગાઢ સબંધ હતો, છતાં નાનાક પ્રશસ્તિઓમાં

વિસલદેવે વિસનગર વસાવ્યાનો કોઈ નિર્દેશ નથી.[૩]

બીજી એક નોંધપાત્ર બાબત એ કે વિસલદેવે વિસનગર વસાવતી વખતે વાસ્તુ,યજ્ઞ,
આદી ક્રિયાઓ કરવા વડનગરથી નાગર બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા હતા. તેમના કામથી વિસલદેવે રાજા ઘણો જ સંતોષ પામ્યો અને સારી દક્ષિણા આપવાનું તેણે કહ્યું પરંતુ નાગર બ્રાહ્મણો
એ દક્ષિણા લેવાની ના પાડી પછી રાજાએ પાનના બીડામાં દક્ષિણા આપી હતી. આ પ્રમાણે દક્ષિણા લેનારને વડનગરના બીજા નાગર બ્રાહ્મણોએ તેમણે ન્યાત બહાર મૂક્યા તેથી વિસનગરમાં આવીને વસ્યા અને તે પરથી તેઓ વિસનગરા કહેવાયા.[૪]

રાજા કરણ દેવ વાઘેલા ૧૨૭૯ માં ગાદી પર આવ્યો. તેના સમયમાં તેના પ્રધાન માધવે અલ્લાઉદીન ખલજીને ગુજરાત જીતી લેવા આમંત્રણ આપ્યું પરીણામે અલ્લાઉદીન ખલજીએ પોતાના ભાઈ અલફખાનને ૧૨૯૭ માં ગુજરાત પર ચડાઈ કરવાને મોકલ્યો તેમાં રાજા કરણ દેવ વાઘેલા હાર્યો. પોતાની કુવરી દેવળ દેવીને લઈને વિસનગર તરફ નાસી ગયો. મુસલીમ સેનાએ પાંચ-છ વર્ષે શોધી કાઢયો અને વિસનગર પાસેના કમણા-સવાલા વચ્ચે મરાયો. આજે આ સ્થળ ઘેલવાપીરના નામે ઓળખાય છે.[૫]

ઈતિહાસના જાણીતા વિદ્વાન ડો. રમણલાલ મહેતા અહીં એક પ્રશ્ન ઉઠાવતાં પોતાની પુસ્તિકા ‘વિસનગર’ માં નોધે છે કે જો વિસનગરનો પ્રદેશ ગુજરાતના નાઝીમો અને સુલતાનોને તાબે હોત તો તેને નુકશાન કરવાની પ્રવૃત્તિ અહમદ શાહ શા માટે કરે ? પોતાના તાબાના પ્રદેશને વગર કારણે કોઈ રાજવી તારાજ ન કરે તે જોતાં આ પ્રદેશ ગુજરાતના સુલતાનના કબજામાં નહીં હોય આમ મુઝફરશાહ અને તેના ઈત્રિ અહમદશાહ ના સમયની પરિસ્થિતિ જોતાં ૧૪મી સદીમાં વિસનગર ગુજરાતના સુલતાનને બદલે ઈડરના રાજ્યનો ભાગ હોવાનું અનુમાન થાય છે.[૬]

સં ૧૫૧૨ (ઈ.સં.૧૪૫૫)માં વિસલનગરા નાગર કવિ પદ્મનાથ જે ઝાલોરના ચૌહાણ રાજા અખયરાજના રાજકવિ તરીકે ત્યાં રહેતો હતો એમ જણાવતાં ડો.શાસ્ત્રી એમના લેખમાં નોંધે છે કે તેણે અખયરાજના પૂર્વ જ કાન્હડદે વિશે કાન્હડદે પ્રબંધ રચ્યો. ગુજરાતના અભિલેખોમાં વિસલનગરના ઉલ્લેખ મુઘલ કાલ (૧૫૭૩-૧૭૫૮) માં ઉપલબ્ધ થાય છે. તારંગાના વિ.સં.૧૬૪૨ (ઈ.સં.૧૫૮૬)ના શિલાલેખમાં પાદશાહ અકબરના સમયમાં હીર વિજયસૂરી તથા વિજયસેનસુરીની પ્રેરણાથી વિસલનગરના સંઘે તારંગાના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યાનું અને એના સૂત્રધાર સલાટ વડનગર અને વિસનગરના હોવાનું જણાવેલ છે. વિસનગર ના નેમિનાથ દેરાસરના ગર્ભગૃહમાંથી કુંથુંનાથ પ્રતિમા પરના શિલાલેખમાં જણાવેલ છે કે આ બિબં અકબરના રાજ્યકાલ દરમિયાન સં.૧૬૫૫ માં ઓસવાલ જ્ઞાતિની વૃદ્ધ શાખાના શાહ સારમાકે કરાવ્યું ને એની પ્રતિષ્ઠા હીર વિજયસુરીના શિષ્ય વિજયસેનસુરીએ કરી પ્રતિમા લેખમાં જણાવેલ વર્ષ ૧૬૫૫ ચૈત્રાદી છે. અને ત્યારે ઈ.સં.૧૫૯૮નો મે માસ હતો.[૭]

ઈ.સં. ૧૬૭૩-૭૪ માં વિજાપુર,કડી અને પાટણ પરગાણામાંથી ૨૧ ગામડાં વિસલનગર માં જોડી દેવામાં આવ્યાં. ઈ.સં. ૧૬૭૯માં બાદશાહ ઔરંગઝેબે મેવાડ જીતી લીધું ત્યારે ત્યાંના રાણા રાજસિંહના યુવરાજ ભીમસિંહે એનો બદલો લેવા ઉત્તર

ગુજરાતનાં મુઘલ પરગણાં પર ચડાઈ કરી વડનગર તથા વિસલનગરને તારાજ કરી ત્યાં ભારે લૂંટફાટ કરી હતી. આ પ્રવૃત્તિમાં વિસનગરને મેવાડના લશ્કરોથી સહન કરવું પડ્યું. આથી વધુ સહન કરવું ના પડે તે હેતુસર ઔરંગઝેબે સુરતની સાથે વિસનગરને પણ કિલ્લે બંધી ક્યાનું માની શકાય.[૮]

ઔરંગઝેબના અવસાન બાદ ઈ.સં. ૧૭૨૫માં મરાઠાઓની પજવણી વધી. દિલ્હીના અમલદારો અંદરો અંદર લડવાની તથા મરાઠાઓ સાથે સંધી કરવાની પ્રવૃત્તિમાં ગુજરાતમાં મરથાઓના બે પ્રતિનિધિઓ પેશ્વા અને ગાયકવાડો ધીરે ધીરે આગળ વધતાં તેમનો સામનો કરવાનું બાબી સૂબેદારો માથે આવી પડ્યું. પીલાજીરાવના પુત્ર દામાજીરાવે ૧૭૩૪ માં શેરખાન બાબી પાસેથી વડોદરા જીતી લીધું ત્યારે પાટણ,વિસનગર અને વિજાપુર બાબીઓના હાથામાં રહ્યાં હતાં.[૯]

દામાજીરાવે બાબીઓ ઉપર વિસનગર ચડાઈ કરી ત્યારે મરાઠાઓએ ૧૭૫૩માં અમદાવાદ સુબેદાર જ્વામર્દખાને જાગીર તરીકે પાટણ અને દશમહાલ આપ્યા જેમાં વિસનગર મહાલનો સમાવેશ થતો હતો. જ્વામર્દખાનનો વારસો મોટા પુત્ર કમાલૂદીન બાબીને મળ્યો જે ૧૭૬૩માં પાટણમાં મૃત્યુ પામ્યો. તેથી કમાલૂદીનની જગ્યાએ તેમના ભાઈ જોરાવરખાન આવ્યા. તેમની સાથે તેમના બે ભત્રીજાઓ ગ્યાસુદીન અને નજીમિયાં પણ સાથે હતા. દામાજીરાવ સામે વિસનગરનો બચાવ કરતી વખતે જોરાવરખાનને ગોળી વાગવાથી તે મરાયો તે સ્થળે દેળિયા તળાવના આર ઉપર તેની કબર મોજૂદ છે. જે તળાવના આરાને જોરાવરખાનનો આરો કહેવામાં આવે છે.[૧૦]

દામાજીરાવ પછી ગોવિંદરાવ અને ફતેહસિંહરાવે વડોદરાનો કારભાર સંભાળ્યો. ત્યારબાદ માનાજીરાવ અને સયાજીરાવ પહેલાએ કારભાર સંભાળ્યો.૧૭૯૩ ગોવિંદરાવ ગાડીએ બેઠા. ગોવિંદરાવના પછી આનંદરાવ ગાદીએ આવ્યા તેમનો વહીવટ દીવાન રાવજી કરતો હતો. આથી આનંદરાવનો પિતરાઈ કડીનો મલ્હારરાવ તેની વિરુધ્ધ ભાર પડ્યો. ફતેહસિંહની કન્યા ગજરાબાઈ અને ગોવિંદરાવનો પુત્ર મુકુંદરાવે પણ મલ્હારરાવ સાથે મળી દીવાન રાવજી વિરુધ્ધ બંડ પોકાર્યું અને સન ૧૮૦૧માં તેમણે વિસનગર અને વિજાપુર જીતી લીધાં. વિસનગરનો કબજો લેતાં જે દરવાજેથી દાખલ થયા તેનું નામ ‘ફતેહ દરવાજો’ પડ્યું.[૧૧]

દીવાન રાવજીએ આ સ્થિતિમાં મુઝાતાં આ તકરારનો નિવેડો લાવવા અંગ્રેજોની મદદની માંગણી કરતાં મુંબઈના ગવર્નર ડંકને મેજર વોકરને બે હજારના લશ્કર સાથે વડોદરા મોકલ્યા હતા. આ બાબતે તપાસ કરતાં રાવજીની વાત સાચી લાગતાં મલ્હારરાવ સામે અંગ્રેજસેનાએ ચડાઈ કરી મલ્હારરાવ હાર્યો અને કેદ પકડાયો. અંગ્રેજ રાજ્યનું હિત જાળવવા મેજર વોકર પહેલા રેસીડેન્ટ તરીકે નિમાયા. ૧૮૦૫માં ગાયકવાડ અને અંગ્રેજ વચ્ચે મૈત્રી સધાઈ અને ૧૮૧૮માં અંગ્રેજોએ પેશ્વાનું રાજ જીતી લીધું.અને અંગ્રેજ શાસન આવ્યું. બ્રિટીશ કાળ (૧૮૧૮-૧૯૪૭)માં વિસનગર વડોદરાના ગાયકવાડ રાજ્યના કડી મહેસાણા પ્રાતના વિસલનગર મહાલનું વડુ મથક હતું. મહારાજ સયાજીરાવ ત્રીજાના સમયમાં શૈક્ષણિક પ્રવૃત્તિ વિકસી હતી.[૧૨]

આઝાદી બાદ વિસનગર મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાનું વડુ મથક બન્યું છે. મહારાજ સયાજીરાવ ત્રીજાના

સમયમાં વાવેલ શૈક્ષણિક બીજ આજે વિસનગરને શૈક્ષણિક નગરી તરીકે ઓળખાય છે. ભૂતકાળમાં રાજકીય વડુ મથક ન હોવાથી તેના વિષે વધુ જાણકારી મેળવી અગરી બાબત છે. પણ આઝાદી પછી વિસનગરે તાંબા-પિત્તળના વાસણની નગરી માટે ગુજરાત ભરમાં નામના મેળવી છે. ખેતીવાડી ઉત્પાદનમાં પણ ભારતમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. જ્યારે કપાસના સૌથી મોટા સેન્ટર તરીકે સમગ્ર રાજ્યમાં પહેલા સ્થાને છે. અને હવે તો ઓટોમોબાઈલના હબ તરીકેની ગણના કરી શકાય.

ટૂંકમાં વિસનગરનો ઈતિહાસ જોતાં તેના નામનો અર્થ પણ આજે સાર્થક થતો હોય તેમ લાગે છે. વિસનગર એટલે "૨૦નગર" જેમાં ૨૦ નગર અથવા ગામનો સમૂહ જોડાયેલ છે તે. અથવા વિસનગરનો ભોગોલિક વિસ્તાર જોતાં વિસનગર થી મહેસાણા, વિસનગર થી વિજાપુર, વિસનગર થી વડનગર, વિસનગર થી ખેરાલુ, વિસનગર થી ઊંઝા, વિસનગર થી સિધ્ધપુર અને વિસનગર થી માણસા લગભગ સરખા અંતરે આવેલા છે. જે ભોગોલિક રીતે જોડતાં સેન્ટરમાં વિસનગર ઊભરી આવે છે. આમ તે સાચે જ ૨૦નગર અથવા વિસનગર કહી શકાય.

પાદનોંધ:

૧. ફાર્બસ જેમ્સ કીનહોર્ન, "રાસમાળા",ભાગ-૨,પૃષ્ઠ-૧૨૬

૨. શેઠ મહાસુખભાઈ, "વિસનગર અને વડોદરા રાજયની ટૂંકી હકીકત,પૃષ્ઠ-૪-૫

૩. મહેતા રમણલાલ નાગરજી ,"પુરવસ્તું વિદ્યા ",પૃષ્ઠ-૧૦૨

૪. પૂર્વોક્ત નંબર-૧,પૃષ્ઠ-૨૨૦-૨૨૩

૫. પંચાલ અશોક હ. "અવર ન્યૂઝ " સાપ્તાહિક" ,"લેટેસ્ટ વિસનગર સીટી વિશેષાંક" અંક,પૃષ્ઠ-૪-૫

૬. એજન,પૃષ્ઠ-૩-૪ અને મહેતા રમણલાલ નાગરજી ,"વિસનગર ",પૃષ્ઠ-૩૭

૭. પંચાલ અશોક હ. "અવર ન્યૂઝ " સાપ્તાહિક" ,"વિસનગર-૨૦૧૦ " અંક,પૃષ્ઠ-૯

૮. એજન-પૃષ્ઠ-૯

૯. સોની દિનેશચંદ્ર કે. કેકારવ (દેવ દિવાળી અંક) "મિરાતે વિસનગર" પૃષ્ઠ-૪

૧૦. પૂર્વોક્ત નંબર-૨,પૃષ્ઠ-૫ અને પંચાલ અશોક હ. "અવર ન્યૂઝ " સાપ્તાહિક" ,"લેટેસ્ટ વિસનગર
સીટી વિશેષાંક" અંક,પૃષ્ઠ-૪-૫

૧૧. પૂર્વોક્ત નંબર-૨,પૃષ્ઠ-13

૧૨. ઓઝા ઈશ્વરલાલ જી.,"અતિક્રાંત" પૃષ્ઠ-૮૫